જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૪૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૪૩૦૧૦૦,૨૫૪૩૦૨૦૦, ૨૫૪૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૪૩૦૪૦૦

તા.૨૧/૦૪/૨૦૨૪ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૪૪/૨૦૨૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૭ કેસ કરી, ૭૯ વ્યક્તિઓને ઝડપી, ૨૭૪ લીટર દેશી દારૂ, ૯૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૯૫૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૨૦ બીયર ટીન અને ૦૪ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧.૧૪,૫૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૪૫/૨૦૨૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૪,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૪૬/૨૦૨૪**

કાલુપુરઃ મયુરભાઇ વિરેન્દ્રભાઇ સોની (ઉ.વ.૪૪) (રહે. તેર ઔરમ વેલી રોયલ વૈભવ હોમ્સ પાછળ અડાલજ ગાંધીનગર) એ તા.૨૦/૦૪/૨૦૨૪ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે બેંગ્લુર ખાતે મયુરભાઈ સોનીના ભાઇને રૂપિયા મોકલવાના હોય જેથી તા.૦૪/૦૩/૨૦૨૪ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે મયુરભાઈ સોનીના પુત્રએ મોબાઇલ ફોનમાં ગુગલ ઉપર આંગડીયા પેઢીની માહીતી સર્ચ કરતા "Om Sai Angadia" મળી આવતા તેમા આપેલ સંપર્ક નંબર ૯૪૧૦૮૮૪૨૯૯ ઉપર સંપર્ક કરતા સંપર્ક થયેલ નહી ત્યારબાદ થોડા સમય પછી મયુરભાઈ સોનીના પુત્રના મોબાઇલ નંબર ઉપર વોટસએપ મેસેજ આવેલ અને મેસેજમાં જણાવેલ કે "શું બેંગ્લુરૂ માટે મની ટ્રાન્સફર કરાવવું છે " જેથી મેસેજમાં "હા " લખેલ ત્યારબાદ મોબાઈલ નંબર ૯૪૧૦૮૮૪૨૯૯ તથા ૯૪૪૦૮૮૦૧૫૮ ના ધારકોએ વોટ્સએપ કોલ કરી વાતચીત કરી મોબાઈલ નંબર ૯૪૪૦૮૮૦૧૫૮ ના ધારકના કહેવાથી મયુરભાઈ સોની કાલુપુર રતનપોળમાં ઝવેરી ચેમ્બર ડી નરેશ આંગડીયા નામની પેઢી ખાતે જઈ ટોકન નંબર બતાવી રોકડા રૂપિયા ૨૭,૦૦,૦૦૦/– જમા કરાવેલ જે રૂપિયા મયુરભાઈ સોનીના ભાઇને બેંગ્લોર ખાતે મળેલ ન હોય અને તે રૂપિયા ડી નરેશની દિલ્હીની આંગડીયા પેઢી ખાતેથી મોબાઇલ નંબર–૮૨૮૨૦૫૩૩૭૪ ના ધારકે ટોકન આધારે રૂપિયા ૨૭,૦૦,૦૦૦/– મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.કુશવાહા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૮૪૭/૨૦૨૪**

એલીસબ્રીજઃ હંસાબહેન વા/ઓ દર્શનભાઈ હર્શોરા (રહે. ૨૩/૫૭૫ ડૉ. આંબેડકર કોલોની ભુદરપુરા રોડ આંબાવાડી) એ તા.૨૦/૦૪/૨૦૨૪ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૫/૨૦૨૪ થી તા.૨૧/૦૫/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આંબાવાડી ભુદરપુરા રોડ ડૉ. આંબેડકર કોલોની ખાતે આવેલ પોતાના બીજા મકાન નંબર ૧૦/૨૨૩ માં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૯૪,૦૩૩/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.પટેલ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૮૬૮/૨૦૨૬**

શાહીબાગઃ નરેશભાઇ હુકમીચંદ જૈન (રહે. કાર્યશીરોમણી એપાર્ટમેન્ટ ડફનાળા રોડ શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૬/૨૦૨૬ સાંજના ૦૫/૧૫ વાગ્યાના સુમારે શાહીબાગ કલાસાગર એપાર્ટમેન્ટ નજીક કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ નરેશભાઈ જૈનની નજર ચુકવી નરેશભાઈ જૈનની ગાડીમાંથી પાકીટ ચોરી કરી લઇ નાસી ગયો હતો. જે પાકીટમાં રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/– હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૮૬૯/૨૦૨૬**

સેટેલાઇટઃ સેટેલાઇટ શ્યામલ ચાર રસ્તાની બાજુમા આત્મારામ પાર્ક સોસાયટી પી.જી.મા રહેતી અને અભ્યાસ કરતી જાનવી વિષ્ણુભાઇ પટેલ (ઉ.વ.૨૬) (મુળ રહે. કિરણનગર સોસાયટી શાહપુર) એ બિમારીથી કંટાળી તા.૧૯/૦૬/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પી.જી.ના રહેણાંક ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ દેવાભાઇ ચલાવે છે.

શાહીબાગઃ દિનેશભાઇ વિનોદભાઇ વાઘેલા (ઉ.વ.૨૬) (રહે. કેમ્પ સદર બજાર પલ્ટન મસ્જીદ પાછળ એરપોર્ટ રોડ શાહીબાગ) એ બિમારીથી કંટાળી તા.૨૦/૦૬/૨૦૨૬ બપોરના ૦૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડના સળીયા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર ભીખુભાઇ ચલાવે છે.

ઓઢવઃ શિતલ ડો/ઓ દીનાનાથ દાસ (ઉ.વ.૨૨) (રહે. અધ્યાય રેસીડેન્સી તળાવ પાસે સિંગરવા ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૬/૨૦૨૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે બ્લોક ઉપરથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

કૃષ્ણનગરઃ મયુર જયંતીભાઈ શ્રીમાળી (ઉ.વ.૨૭) (રહે. રત્નદીપ ફ્લેટ બાપાસીતારામ ચોક પાસે નવા નરોડા) એ પત્ની રિસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૧૯/૦૬/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આર.પુવાર ચલાવે છે.

ખોખરાઃ ધર્મેન્દ્રકુમાર સુરેશચન્દ્ર જયસ્વાલ (ઉ.વ.૬૦) (રહે. ગોકુલપાર્ક સોસાયટી જશોદાનગર રોડ મણીનગર પુર્વ ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૬/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શિવપ્રકાશ શેષમણી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી